# ગાંધીનગરમાં ભાઈબીજની રાત્રી બની કાળરાત્રી

## ગાંધીનગર સિવિલમાં ૧૭મીની રાત્રીએ ૧૬ના મોત : છેલ્લા ૪ દિવસમાં સિવિલમાં ૪૧ દર્દીઓએ દમ તોડ્યો : મોત અંગે તંત્રનું ભેદી મૌન : સિવિલ સુપ્રિ.એ સરકારને પત્ર લખી નવી ઓક્સીજન ટેન્ક બનાવવા કહ્યુ હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૪ દિવસમાં ૪૧ કોરોના પોઝીટીવ દર્દીઓના મોત નીપજતાં શહેર અને તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે.

દિપાવલી પર્વ એ કોરોના માટે સુપર સ્પ્રેડર બની ગયુ છે. શહેરમાં અને જિલ્લામાં કેસોની સંખ્યા રોકેટ ગતિએ વધી રહી છે. સાથે સાથે હોસ્પિટલમાં કોરોનાથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે. ગુજરાતમાં કદાચ સૌથી વધુ મૃત્યુદર ગાંધીનગરમાં હોવાનું મનાઈ રહ્યુ છે.

૧૬ થી ૧૯ દરમ્યાન ગાંધીનગર સિવિલમાં ૪૧ દર્દીઓના મોત નીપજ્યાની વિગતો સામે આવી રહી છે જો કે તંત્રએ આ અંગે લોખંડી મૌન ધારણ કરી લીધુ છે પરંતુ આરોગ્યના સત્તાવાળાઓ જે રીતે વારંવાર હોસ્પિટલની મુલાકાત લઈ રહ્યા છે તેનાથી લોકોમાં શંકાઓ વધુ ને વધુ દૃઢ થતી રહી છે.

મળતી વિગતો મુજબ ૧૭મીએ ગાંધીનગર સિવિલમાં સૌથી વધુ ૧૬ દર્દીના મોત થયાનું સામે આવ્યુ છે. જેમાં ઓક્સિજનનું લેવલ એકદમ ઘટી જતાં ૧૭મીની રાત્રિ ગાંધીનર સિવિલમાં કાળરાત્રિ કોરોનાના દર્દીઓ માટે બની હોવાનું મનાઈ રહ્યુ છે.

૧૬મીએ ૧૨ દર્દીઓના મોત નીપજ્યા હતા જ્યારે ૧૮મીએ ૮ દર્દીના મોત થયા હતા. ત્રણ જ દિવસમાં ૩૬ દર્દીના મોત થયાની વાતે સમગ્ર તંત્રને હચમચાવી દીધુ છે.

બિનસત્તાવાર સૂત્રોમાં ચાલતી ચર્ચા મુજબ ગાંધીનગર સિવિલ સુપ્રિ.એ રાજ્ય સરકારને પત્ર લખી હાલની ઓક્સીજન ટેન્કની ક્ષમતા પ્રમાણે ૮મા માળે ઓક્સીજન લેવલ જાળવી રાખવામાં વારંવાર તકનીકી સમસ્યાઓ સામે આવે છે. તેમણે તાત્કાલિક નવી ઓક્સીજન ટેન્ક માટે સરકાર દ્વારા મંજૂરી આપી અને તેને સ્થાયી કરવામાં આવે તેવો આગ્રહ રાખ્યો છે.

ગાંધીનગર સિવિલમાં જે રીતે દર્દીઓના મોતની ઘટનાઓ સામે આવી રહી છે તેને લઈ તંત્રએ મૌન ધારણ કર્યુ છે. જોકે શહેર, જિલ્લા કે રાજ્ય સરકાર દ્વારા મોતના આંકડાઓને લઈ મૌન સેવવામાં આવી રહ્યું છે.

૧૭મીએ રાત્રે ઓક્સીજન લેવલને લઈ સમસ્યાઓ ઉભી થઈ હોવાની વાતો લોકજીભે ચર્ચાઈ રહી છે જેમાં તંત્રની ઘોર બેદરકારી હોવાની વાતો છે. આ દર્દીઓમાં ૩ દર્દીઓ પોઝીટીવ બાદ નેગેટીવ થયા હતા અને તેમને આઈસીયુ વોર્ડમાં રાખવામાં આવ્યા હતા તેમનો પણ સમાવેશ થાય છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિ. ડૉ. લાખાણીના કહેવા મુજબ આ પ્રકારનો કોઈ બનાવ બનવા પામ્યો નથી. સિવિલ હોસ્પિટલ પાસે પુરતા પ્રમાણમાં ઓક્સીજનનો કોટા છે. ઓક્સીજન લેવલ સતત માપવામાં પણ આવી રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર


**સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો, ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો ! મારું જીવન અંજલિ થાજો !**


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૪૯ | ૨૦ નવેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; કારતક સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# નગરોટામાં એન્કાઉન્ટર : ચાર આતંકવાદી ઠાર



## આતંકી આંતરરાષ્ટ્રીય સરહદથી ઘૂસણખોરી કરી કાશ્મીરમાં ઘૂસવાની ફિરાકમાં હોવાના પોલીસને ઇનપુટ મળ્યા હતા

શ્રીનગર,તા.૧૯

જમ્મુ અને કાશ્મીરના નગરોટા વિસ્તારમાં ગુરુવાર સવારે સુરક્ષાદળોએ ચાર આતંકવાદીઓને ઠાર માર્યા છે. આ ચારેય આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા હતા. મળતી માહિતી મુજબ એંકાઉન્ટર સવારે ૫ વાગ્યે શરૂ થયું હતું. આ વિસ્તાર જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર નગરોટાના બાન વિસ્તારમાં છે. અત્યાર સુધી ચાર આતંકવાદીઓ ઠાર મરાયા હોવાની પુષ્ટિ થઈ છે. નગરોટા એંકાઉન્ટરમાં ઠાર મરાયેલા ચારેય આતંકવાદી જૈશ-એ-મોહમ્મદ આતંકી સંગઠન સાથે જોડાયેલા હતા. સૂત્રો દ્વારા મળતી જાણકારી મુજબ, આતંકી ભારત-પાક આંતરરાષ્ટ્રીય સરહદથી ગત રાત્રે ઘૂસણખોરી કરી સાંબા પહોંચ્યા હતા. અહીં પહેલાથી રાહ જોઈ રહેલા તેમનો એક કેરિયર જે ટ્રક લઈને આવ્યો હતો તે તેમને લઈને કાશ્મીર જવાના ફિરાકમાં હતો. સવારે લગભગ ૪:૪૫ વાગ્યાની આસપાસ આ ટ્રક નગરોટા ટોલ પ્લાઝાએ પહોંચી હતી ત્યાં જમ્મુ-કાશ્મીર પોલીસના સ્પેશલ ઓપરેશન ગ્રુપે તેમને ઘેરી લીધા. પોલીસને પહેલાથી જ તેના ઈનપુટ મળ્યા હતા કે કેટલાક આતંકી આંતરરાષ્ટ્રીય સરહદથી ઘૂસણખોરી કીર કાશ્મીર જવાની ફિરાકમાં છે.

એંકાઉન્ટર શરૂ થયાના લગભગ બે કલાક બાદ ચારેય આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા. હાલ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સીઆરપીએફ, જમ્મુ-કાશ્મીર પોલીસ અને ભારતીય સેનાની ટીમો ઘટનાસ્થળે તૈનાત છે. જમ્મુ-કાશ્મીરના એક જવાન ઘાયલ થયા છે જેમને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જમ્મુના જિલ્લા પોલીસ અધિકારી એસએસપી શ્રીધર પાટિલે કહ્યું કે, લગભગ પાંચ વાગ્યે આતંકવાદીઓએ નગરોટા વિસ્તારમાં બાન ટોલ પ્લાઝાની પાસે સુરક્ષા દળો પર ફાયરિંગ કર્યું. તેઓ એક ગાડીમાં છુપાયેલા હતા. સુરક્ષાના કારણોથી પોલીસે નગરોટા નેશનલ હાઈવે બંધ કરી દીધો છે. આ ઓપરેશનમાં સીઆરપીએફ અને એસઓજી સામેલ છે.

# સ્વદેશી વેક્સિન ટૂંક સમયમાં આવી જશે : હર્ષવર્ધન

## કેન્દ્રીય આરોગ્ય પ્રધાનનું દેશવાસીઓને આશ્વાસન : વેક્સિન ડેવલપમેન્ટને લઈને રિસર્ચની દ્રષ્ટીએ દેશના વૈજ્ઞાનિકો અન્ય કરતા આગળ છે : ભારતમાં ત્રણ વેક્સિન ક્લિનિકલ ટ્રાયલના એડવાન્સ્ડ સ્ટેજમાં

નવી દિલ્હી, તા. ૧૯


કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને આજે દેશવાસીઓને એક મોટું આશ્વાસન આપ્યું છે. તેમણે કહ્યું કે, આપણા વૈજ્ઞાનિકો કોવિડ વેક્સીન બનાવવાની દિશામાં ઘણા આગળ વધી ચૂક્યા છે. તેમણે કહ્યું કે, આગામી થોડા મહિનામાં જ ભારતની પોતાની કોરોના વેક્સીન આવી જશે. 'ધ શિફ્ટિંગ હેલ્થકેર પેરાડિમ ડ્યુરિંગ એન્ડ પોસ્ટ-કોવિડ' પરના વેબિનાર એપઆઈસીસીઆઈ એફએલઓને સંબોધી રહ્યા હતા.

આરોગ્ય મંત્રીએ કહ્યું કે, 'જ્યાં સુધી કોરોના વેક્સીન ડેવલપમેન્ટને લઈને રિસર્ચની વાત છે તો આપણા વૈજ્ઞાનિક બીજા કરતા ઘણા આગળ છે. આપણે એ સ્થિતિમાં છીએ કે હું ભારતવાસીઓને પૂરા વિશ્વાસ સાથે કહી શકું છું કે, હવેથી થોડા મહિનામાં જ આપણી પાસે આપણી પોતાની વેક્સીન હોવી જોઈએ.'

ભારતમાં ત્રણ વેક્સીન કેન્ડિડેટ્સની ક્લિનિકલ ટ્રાયલ એડવાન્સ્ડ સ્ટેજમાં છે. તેમાં કોવેક્સીન, કોવીશીલ્ડ અને જાઈકોવ-ડી સામેલ છે. વેક્સીન બનાવતી કંપની

● અનુસંધાન પાન-૭ પર


## પુષ્કર્ણા બ્રાહ્મણ દુઃખદ અવસાન



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી

**લક્ષ્મીચંદ ત્રીકમદાસ બોરા** (નિવૃત નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર) તા.૧૫-૧૧-૨૦ને રવિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે

વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને ટેલીફોનીક બેસણું તા.૨૦-૧૧-૨૦૨૦ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ રાખેલ છે

નિર્મલ લક્ષ્મીચંદ બોરા (પુત્ર) મો.૯૮૨૪૪ ૩૪૩૭૯
સંગીતા નિર્મલ બોરા (પુત્રવધુ) મો.૯૭૨૭૫ ૦૨૯૨૦
પ્રકાશ કિશનચંદ બોરા (ભત્રીજા) મો.૯૯૯૮૯ ૮૩૬૫૯
અનિલ લક્ષ્મીચંદ બોરા (પુત્ર)
સુચીત્રા અનિલ બોરા (પુત્રવધુ)
મમતા કમલેશ જોષી (ભત્રીજી)
કમલેશ જે. જોષી (જમાઈ)
નેહા પ્રકાશ બોરા

## પ્રજાપતિ બેસણું



મારા ધર્મપત્ની શ્રીમતિ કૈલાસબેન મહેન્દ્રભાઈ પ્રજાપતિ(વાવોલવાળા)નું તા. ૧૭-૧૧-૨૦૨૦ કારતક સુદ-૩ મંગળવારના રોજ અકાળે દુઃખદ અવસાન થયેલ છે. જેઓના સુંવાળા તેમજ ટેલીફોનીક બેસણું તા. ૨૦-૧૧-૨૦૨૦ શુક્રવારના રોજ અમારા નિવાસ સ્થાને સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાકે રાખેલ છે.

બેસણાનું સ્થળ : બ્લોક નં.૮૮/૧, છ ટાઈપ, સેક્ટર-૧૨, ગાંધીનગર
બેસણાની તારીખ : ૨૦-૧૧-૨૦૨૦, શુક્રવાર સવારે ૮ થી ૧૨ કલાકે

પ્રજાપતિ મહેન્દ્રભાઈ ભલાભાઈ (પતિ) : મો. ૯૪૨૬૫ ૦૪૬૩૬
મેનેજર સર્કીટ હાઉસ, ગાંધીનગર : મો. ૯૭૨૩૫ ૦૪૬૩૬
પ્રજાપતિ ભરતભાઈ ભલાભાઈ (ભાઈ) : મો. ૯૯૭૪૬ ૮૧૮૮૮
પ્રજાપતિ રાજેશભાઈ ભલાભાઈ (ભાઈ) : મો. ૯૮૨૫૧ ૯૭૫૬૯
પ્રજાપતિ ફાલ્ગુન મહેન્દ્રભાઈ (પુત્ર)(કેનેડા)
પ્રજાપતિ સિધ્ધાર્થ ભરતભાઈ
પ્રજાપતિ કુંજ રાજેશભાઈ

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સરનામે જ રાખેલ છે
પ્રજાપતિ ભલાભાઈ સોમાભાઈ • પ્રજાપતિ મહેન્દ્રભાઈ સોમાભાઈ (ટીંટોડા) (પિયરપક્ષ)

નોંધ :કોરોનાની પરીસ્થિતિને ધ્યાનમાં લઈ સોશ્યલ ડીસ્ટન્સીંગ જાળવવા વિનંતી.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, ગાંધીનગર



સંવત ૨૦૭૬-૭૭ નવા વર્ષ નિમિત્તે પરમ કૃપાળુ પરમાત્મા તથા કુદરતી શકિતઓને પ્રાર્થના. સૌ નગરજનો સુખી રહે, સ્વસ્થ રહે અનો સફળતાના શિખરો સર કરે તેવી વસાહત મહામંડળના સૌ પદાધિકારીઓની શુભકામના.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ


## છેલ્લે... છેલ્લે...

- પીઓકેમાં આતંકીઓના લોન્ચપેડ પર ભારતની પિનપોઈન્ટ સ્ટ્રાઈક
- હરિયાણા-ઉત્તરાખંડમાં સ્કૂલો ખોલતા જ કોરોના ફેલાયો
- લક્ષ્મી વિલાસ બેંકમાં ગ્રાહકોએ ૨૪ કલાકમાં ૧૦ કરોડ રૂપિયા ઉપાડી લીધા
- લદ્દાખમાં ચીન સામે ટક્કર આપવા ભારતની પુરી તૈયારી
- સીબીઆઈ રાજ્યની મંજૂરી વિના તપાસ નહી કરી શકે : સુપ્રીમ
- હવે દિલ્હીમાં માસ્ક નહી પહેરનારે ૨૦૦૦ રૂપિયા દંડ ભરવો પડશે
- શાહીબાગ સ્થિત BAPS મંદિર ૩૦મી સુધી બંધ રહેશે
- મિઝોરમના એક ગામના બધાને કોરોના, માત્ર એક વ્યક્તિ બચી

# ભારત વેક્સિનના ૧.૫ અબજ ડોઝ ખરીદશે

## વધુ વેક્સિનનો સોદો કરનારામાં ભારત ત્રીજા નંબરે

નવી દિલ્હી,તા.૧૯

કોરોના મહામારીનો સામનો કરી રહેલા દુનિયાભરના લોકો વેક્સીનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન અલગ-અલગ દેશોમાં અનેક વેક્સીનના ટ્રાયલ ચાલી રહ્યા છે. તેમાંથી કેટલીક વેક્સીન પરીક્ષણના અંતિમ ચરણ પર છે. એવામાં ભારત સહિત અન્ય દેશોએ વેક્સીનના ટ્રાયલ કરી રહેલી કંપનીઓની સાથે એડવાન્સમાં ખરીદીની ડીલ પાકી કરી લીધી છે. વોલ સ્ટ્રીટ જર્નલ મુજબ, સૌથી વધુ વેક્સીન ખરીદીની ડીલ પાકી કરનારા દેશોમાં ભારત ત્રીજા નંબર પર છે તો અમેરિકા પહેલા નંબરે અને યૂરોપિયન યૂનિયન બીજા નંબર પર છે. આ રિપોર્ટ ડ્યૂક

● અનુસંધાન પાન-૭ પર





Starting Price
2 BHK - 32* LAKH Onward

૨ માસમાં બુકિંગ કરાવનારને મોડ્યુલર કિચન + આર.ઓ. પ્લાન્ટ ફ્રી

Contact No.
98259 22309 | 98250 22173
98256 04575 | 84605 55575

K-7, વસંત વગડાની સામે, શિવાલય પાર્ટી પ્લોટની પાછળ, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર


Developers Shivalay DEVELOPERS

Rera No. PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA07611/291020 Gujrera.Gujarat.gov.in

FITOOR KITCHEN
ઓર્ડરથી નોનવેજ બનાવી આપવામાં આવશે. એક દિવસ અગાઉ ઓર્ડર આપવો જરૂરી છે.
97231 23972

## તહેવારનો ઉમંગ, હેલ્થ ચેકઅપને સંગ

આપના આરોગ્યની તપાસ હવે છે આપની આંગળીના ટેરવે
કોલ કરો- 75750 35350 પર અને ઘર બેઠા હેલ્થ ચેકઅપ કરવો



AccuRight™ DIAGNOSTICS

દરેક પ્રકારના પેથોલોજી ટેસ્ટ્સ | અત્યાધુનિક ટેક્નોલોજી | નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન

ડો. મોનીલ પી. ભાવસાર
એમ.બી.બી.એસ, એમ.ડી. (પેથ), કન્સલ્ટન્ટ પેથોલોજીસ્ટ

બેઝિક બોડી ચેકઅપ
51 ટેસ્ટ્સ ~~રૂ.2790/-~~ ફક્ત રૂ. 999/-
CBC, RBS, Calcium, Creatinine, Phosphorous, Urea, Uric Acid, Lipid Profile, CRP, Alkaline Phosphates, SGOT, SGPT, Urine Routine Examination

ડાયાબિટીસ પેકેજ
~~રૂ.640/-~~ ફક્ત રૂ. 450/-
HbA1c, FBS, PPBS

વિટામિન પ્રોફાઈલ
~~રૂ.2550/-~~ ફક્ત રૂ. 1999/-
Vitamin B12, Vitamin D3, Calcium

બેઝિક પ્લસ બોડી ચેકઅપ
59 ટેસ્ટ્સ ~~રૂ.6640/-~~ ફક્ત રૂ. 2999/-
CBC, ESR, HbA1c, RBS, Calcium, BUN, Creatinine, Phosphorous, Urea, Uric Acid, Lipid Profile, SGOT, SGPT, CRP, Hepatitis B Surface Antigen, T3, T4, TSH, Urine Routine Examination, Vitamin B12, Vitamin D3

સવારે 8 થી રાત્રે 8 | રવિવારે સવારે 8 થી બપોરે 12 | ઘર બેઠા સેમ્પલ કલેકશનની સુવિધા ઉપલબ્ધ

પ્લોટ નંબર 491/2, પહેલો માળ, ડો. પ્રકાશ ભાવસારના દવાખાનાની ઉપર, ઘ-6 સર્કલ પાસે, ઘ રોડ, સેક્ટર 22, ગાંધીનગર-382022, ગુજરાત | ફોન નં- 75750 35350